# બાયડમાં કોરોના વિસ્ફોટ, અનેક વેપારીઓ મિની લૉકડાઉનની તરફેણમાં

### સોસાયટી વિસ્તારોમાં વધતા કેસથી દહેશત, ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગંભીર સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

બાયડમાં કોરોના વિસ્ફોટની સ્થિતિ છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ એક પછી એક ગામડાં કોરોનાથી ચેપગ્રસ્ત બની રહ્યા છે આ સંજોગોમાં બાયડના અનેક વેપારીઓ વર્તમાન કોરોનાની સ્થિતિ જોતાં મિની લૉકડાઉનની તરફેણમાં છે. કોરોનાના સંક્રમણને અટકાવવા માટે લૉકડાઉન યોગ્ય વિકલ્પ ન ગણી શકાય. પ્રજાએ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાની સાથે માસ્કનો ઉપયોગ કરવો પડશે. જરૂર વગર ઘરની બહાર નહીં નિકળવાનો સંકલ્પ કરવો પડશે.

છેલ્લા ૫ દિવસથી બાયડ અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના રોગચાળામાં ઉછાળો આવ્યો છે તે ચિંતાજનક છે. એક પછી એક વિસ્તારોમાં વધતા કોરોનાના સંક્રમણે ડૉક્ટર સહિત પેરામેડીકલ સ્ટાફની ઉંઘ હરામ કરી દીધી છે. તાલુકા ઉપરાંતના અન્ય વિસ્તારોના લોકો પણ કોરોનાની સારવાર માટે બાયડની હોસ્પિટલોમાં આવતા હોવાથી સંક્રમણ વધુ હાવિ થયાની આશંકા છે. ગત વર્ષે માર્ચ મહિનામાં કોરોનાના આક્રમણ પછી બાયડના વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉનને સ્વીકારી કોરોનાના દૈત્યને હરાવવા માટે તંત્રને અમૂલ્ય સહયોગ આપ્યો હતો. પાછલા ૨ દિવસમાં બાયડ તાલુકામાં કોરોના ૩ જણને ભરખી ગયો છે અને ૩૦૦ થી વધુ પોઝિટિવ કેસ હોવાની વિગતો પ્રકાશમાં આવ્યા પછી બાયડના કેટલાક વેપારીઓએ મિની લૉકડાઉનની તરફેણ કરી રહ્યા છે. જો કે હજુ એકાદ સપ્તાહમાં કોરોના અંકુશમાં નહીં આવે તો બાયડના કેટલાક વેપારી એસોસીએશનો મિની લૉકડાઉનની સ્વયંભૂ તરફેણ કરશે તેમ પણ કેટલાક વેપારીઓએ જણાવ્યું છે.

# અરવલ્લી ડી.ઈ.ઓ.ની બેદરકારીથી શાળાઓના ૨૪થી વધુ કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં

### બાયડ હાઈસ્કુલના વધુ બે પ્રવાસી શિક્ષકો કોરોનાની ઝપેટમાં, રસીકરણમાં વિલંબ જવાબદાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

અરવલ્લી જિલ્લામાં માધ્યમિક શાળાઓ કરતાં પ્રાથમિક શાળાઓની સંખ્યા ૬ ગણી વધુ હોવા છતાં માંડ આંગળીના વેઢે ગણી શકાય તેટલા પ્રા. શિક્ષકો કોરોનાથી સંક્રમિત થયા છે. જ્યારે અરવલ્લીની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ૨૪ થી વધુ કર્મચારીઓ પાછલા ૨૦ દિવસ દરમ્યાન કોરોનાની ઝપેટમાં આવતાં અરવલ્લી ડી.ઈ.ઓ. કચેરી ઉપર પસ્તાળ પડી રહી છે. જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પ્રાથમિક શાળાના શિક્ષકોને કોરોના વેક્સિન અપાઈ તે સમયે જ હાઈસ્કુલોના કર્મચારીઓનું વેક્સિનેશન શરૂ કરાવ્યું હોત તો આવી સ્થિતિ આવી ન હોત તેવો છૂપો આક્રોશ અનેક શિક્ષકોએ વ્યક્ત કર્યો છે. બાયડ હાઈસ્કુલના ૩ શિક્ષકો કોરોના પોઝિટિવ આવ્યા પછી અન્ય શિક્ષકોના રેપિડ ટેસ્ટ કરાતાં ૨ પ્રવાસી શિક્ષકો કોરોના પોઝિટિવ હોવાનું બહાર આવતાં ફરજીયાત હોમ ક્વોરન્ટાઈન કરાયા છે. શાળાઓમાં રસીકરણમાં વિલંબ થતાં જિલ્લાની માધ્યમિક શાળાઓના કર્મચારીઓનું આરોગ્ય જોખમાયું હોવાનું વાલીઓ પણ માની રહ્યા છે.

જિલ્લાના ૬ તાલુકામાં આવેલી માધ્યમિક શાળાઓ પૈકી બાયડ, માલપુર, મેઘરજ, મોડાસા તાલુકાની શાળાઓના ૨૪ થી વધુ કર્મચારીઓ કોરોના પોઝિટિવ હોવાનું બહાર આવ્યું છે. પાછલા એક સપ્તાહમાં જ મોડાસાના શૈક્ષણિક સંકુલોના ૮, માલપુર-મેઘરજ ૧-૧, બાયડ તાલુકાના ૧૧ થી વધુ કર્મચારીઓ કોરોના પોઝિટિવ હોવાનું બહાર આવતાં શિક્ષકોના સંપર્કમાં આવેલા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ચિંતિત બન્યા છે. સ્થિતિ દિવસે દિવસે સ્ફોટક બની રહી છે. જિલ્લામાં રવિવારે પણ ધો.૧૦-૧૨ ના વર્ગો ચાલુ રાખવાનો ઐતિહાસિક નિર્ણય લેનારા જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ શાળાના કર્મચારીઓના આરોગ્ય બાબતે ગંભીર ન હોવાનું બહાર આવ્યું છે કારણ કે પ્રા.શાળાના શિક્ષકોનું વેક્સિનેશન શરૂ થયું એ દિવસથી જ હાઈસ્કુલના કર્મચારીઓનું વેક્સિનેશન કરાવ્યું હોત તો વર્તમાન સ્થિતિ ઉદ્ભવવાની સંભાવના નહીંવત હતી. હાલ તો સમગ્ર જિલ્લામાં અરવલ્લી ડી.ઈ.ઓ.ની બેદરકરીથી કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં આવ્યાની કાનફુંસી શરૂ થઈ છે.

# ધનસુરા માર્કેટયાર્ડમા ચેરમેનની પેનલનો ભવ્ય વિજય

### ધારાસભ્ય ઉપરાંત જિલ્લા પંચાયત કારોબારીના પૂર્વ ચેરમેનની જીત, ટેકેદારોએ વિજયોત્સવ મનાવ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ધનસુરા માર્કેટયાર્ડના ચૂંટણી જંગમાં ખેડૂત અને વેપારી વિભાગમાં બમ્પર ૯૫ ટકા

| વિજેતા ઉમેદવારો | મળેલ મત |
|---|---|
| નટવરભાઈ ભાણજીભાઈ પટેલ | ૫૦૬ |
| ધનસુખભાઈ કરસનભાઈ પટેલ | ૫૦૪ |
| રમણભાઈ શામજીભાઈ પટેલ | ૫૦૪ |
| વિનોદભાઈ લધ્ધાભાઈ પટેલ | ૫૦૩ |
| શાંતિલાલ મણીલાલ પટેલ | ૫૦૩ |
| ધનસુખભાઈ કરસનભાઈ પટેલ | ૫૦૨ |
| ભોગીલાલ મણીભાઈ પટેલ | ૫૦૧ |
| સચિનકુમાર અરવિંદભાઈ પટેલ | ૪૮૨ |
| રાજેન્દ્રસિંહ શિવસિંહ ઠાકોર | ૪૭૬ |
| સતિષકુમાર હસમુખભાઈ પટેલ | ૪૬૨ |
| **વેપારી વિભાગ..** | |
| વિજેતા ઉમેદવારો | મળેલ મત |
| ચેતનભાઈ ગંગારાભાઈ પટેલ | ૧૨૬ |
| જીજ્ઞેશકુમાર સુરેશભાઈ પટેલ | ૧૨૫ |
| અશોકભાઈ પરસોત્તમભાઈ પટેલ | ૧૧૯ |
| મહેન્દ્રભાઈ લાલજીભાઈ પટેલ | ૧૦૭ |

મતદાન પછી રવિવારે મત ગણતરી યોજાતાં અપેક્ષા મુજબ જ ધનસુરા માર્કેટયાર્ડના વર્તમાન ચેરમેન જગદીશભાઈ શામજીભાઈ પટેલની પેનલનો ભવ્ય વિજય થતાં ટેકેદારોએ વિજયોત્સવ મનાવ્યો હતો.

કોરોનાના વધતા સંક્રમણ અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાં અગાઉ મુલત્વી રહેલી ધનસુરા માર્કેટયાર્ડની ચૂંટણી જાહેર થઈ હતી. જેમાં



સહકાર, વેપારી અને ખેડૂત વિભાગમાં કશ્મકસનો જંગ જામશે તેવી સંભાવના હતી. ગાંધીનગર સમાચાર દ્વારા પ્રથમથી જ વર્તમાન ચેરમેન જગદીશભાઈ પટેલની પેનલનો વિજય થશે તેવું ચૂંટણી અંગે વિશ્લેષણ જણાવ્યું હતું. રવિવારે મત ગણતરી હાથ ધરાઈ ત્યારે પ્રથમથી જ માર્કેટયાર્ડના વર્તમાન ચેરમેનના ઉમેદવારોએ ભવ્ય વિજય મેળવ્યો હતો.

સહકારી માળખામાં જગદીશભાઈ પટેલનું કદ વધી રહ્યું છે તે જોતાં તેમના કેટલાક વિરોધીઓમાં છૂપો ડર જોવા મળ્યો હતો પરંતુ આખરે કોઈપણ ક્ષેત્ર હોય તેમાં સારી કામગીરી જ સફળતા અપાવતી હોય છે. માર્કેટયાર્ડના વર્તમાન ચેરમેને ભવ્ય વિજય અપાવવા બદલ તમામ મતદારોનો આભાર માન્યો હતો. ચૂંટણી જંગમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, અરવલ્લી જિલ્લા પંચાયત કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન સચિનભાઈ પટેલ વગેરેનો વિજય થયો હતો.

# અરવલ્લીનો દિપડો હોવાની સંભાવના : લાડવેલ ચોકડી નજીક વાહનની ટક્કરે દિપડાનું મોત

### કાળઝાળ ઉનાળામાં પાણીની શોધમાં વન્ય પ્રાણીઓ ભટકવા લાગ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ખેડા જિલ્લાના લાડવેલ ચોકડી નજીક વાહનની ટક્કરે દિપડાનું મોત નિપજતાં વન વિભાગની ટીમો દોડતી થઈ ગઈ છે. છેલ્લા કેટલાય સમયથી અરવલ્લી જિલ્લાના માલપુર, બાયડ અને સાઠંબા વિસ્તારમાં દિપડાની હાજરી હોવાના પુરાવા મળ્યા હતા આ સંજોગોમાં વાહનની ટક્કરે લાડવેલ નજીક મોતને ભેટેલો દિપડો અરવલ્લીનો હોવાની આશંકા છે. કાળઝાળ ઉનાળામાં અરવલ્લી જિલ્લાના જંગલ વિસ્તારમાં પાણીની કોઈ વ્યવસ્થા નથી જેથી પાણી-ખોરાકની શોધમાં વન્ય પ્રાણીઓ ભટકતા હોવાની સંભાવના વધુ છે.

બૃહદ સાબરકાંઠા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં દિપડાની હાજરીના પુરાવા મળ્યા છે. ૪ વર્ષ અગાઉ શામળાજી નજીક અજાણ્યા વાહનની ટક્કરે બાળ દિપડાનું મોત નિપજ્યું હતું અને ત્યારબાદ અનેકવાર દિપડાની હાજરી જોવા મળી છે. છેલ્લે બાયડ તાલુકાના ગાબટ વિસ્તારમાં દિપડી અને તેનાં બચ્ચાં જોવા મળ્યાં હતાં પરંતુ વન વિભાગની ઉદાસીનતાના કારણે પીંજરે પૂરવામાં નિષ્ફળતા મળી હતી. ઉનાળો આકરો બન્યો છે અને છેલ્લા એક સપ્તાહથી અરવલ્લી જિલ્લાના જંગલ વિસ્તારમાં આકસ્મિક આગ લાગતાં વન્ય પ્રાણીઓ પોતાનો જીવ બચાવવા માટે જંગલ વિસ્તારની બહાર નિકળ્યા હોવાની મજબૂત આશંકા છે. આ સંજોગોમાં લાડવેલ ચોકડી નજીક ગત રાત્રે અજાણ્યા વાહનની ટક્કરે મોતને ભેટેલા દિપડાનો મૃતદેહ મળી આવતાં અનેક લોકો ઘટના સ્થળે પહોંચ્યા હતા. વન વિભાગને જાણ



કરતાં અધિકારીઓની ટીમો દોડી આવી હતી અને મૃત દિપડાને પોસ્ટ મોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે.

# બાયડના મંદબુદ્ધિ મહિલા આશ્રમમાં ૧૩૪ મહિલાઓને કોરોના વેક્સિનેશન

### બિનવારસી મહિલાઓના કોરોના વેક્સિનેશન દરમ્યાન ભાવુક દ્રશ્યો જોવા મળ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

સુખનું સરનામું બનેલા ઉત્તર ગુજરાતના બાયડ ખાતેના જયઅંબે મંદબુદ્ધિ મહિલા



આશ્રમમાં કોરોનાના કપરા કાળમાં પણ ૧૩૪ મહિલાઓની દિવસ-રાત સેવા કરવામાં આવી રહી છે. કોરોના વકર્યો છે ત્યારે ૪૫ વર્ષથી ઉપરના દરેક માટે મફત કોરોના વેક્સિનેશન શરૂ થયું છે જેમાં ચૂંટણી, આધારકાર્ડ રજૂ કરવાનું હોય છે. પરંતુ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.ધર્મેન્દ્ર પરમારે માનવીય અભિગમ દાખવી બાયડ ખાતેના આશ્રમમાં બિનવારસી રહેતી મહિલાઓ માટે વેક્સિનેશન કેમ્પ આશ્રમમાં જઈને યોજ્યો હતો જેમાં ૧૩૪ મહિલાઓને કોરોના વેક્સિનેશનનો પ્રથમ ડોઝ અપાયો ત્યારે ભાવુક દ્રશ્યો જોવા મળ્યા.

સંસ્થાના પ્રમુખ અશોકભાઈ જૈને જણાવ્યું કે જયઅંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમમાં રહેતી બિનવારસી મહિલાઓ કોરોનાની ઝપેટમાં ન આવી જાય તે માટે આરોગ્ય વિભાગને વેક્સિનેશન માટે વિનંતી કરવામાં આવી હતી. જેથી તાલુકા આરોગ્ય અધિકારી અને તેમની ટીમે આશ્રમમાં આવી તમામ બહેનોને કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ આપ્યો હતો અને વેક્સિન આપ્યા પછી કોઈને આડઅસર થઈ છે કે નહીં તે માટે તમામને અડધો કલાક માટે ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યા હતા અને કોઈપણ મહિલાને તાવ કે આડઅસર જણાય તો તાબડતોબ આરોગ્ય વિભાગને જાણ કરવા જણાવ્યું છે.



### બાયડમાં લોહીની જરૂરીયાતવાળા માટે મેગા બ્લડ કેમ્પ

જયઅંબે મંદબુદ્ધિ મહિલા સેવા સમાજ ટ્રસ્ટ-બાયડ દ્વારા બાયડની વિવિધ સંસ્થાઓના સહયોગથી રવિવારે મેગા બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હિન્દુ યુવા સંગઠન-અરવલ્લી, ગણેશ યુવક મંડળ-બાયડગામ સહિત અન્ય ટ્રસ્ટના સભ્યોની ઉપસ્થિતિમાં યોજાયેલા મેગા બ્લડ કેમ્પમાં બપોર સુધી ૨૫ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. જરૂરીયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે બ્લડ આપવામાં આવશે. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી-બાયડ શાખા તથા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી બ્લડ બેન્ક-કપડવંજ દ્વારા આયોજીત મેગા બ્લડ કેમ્પ સફળ રહ્યો હતો.

# જિલ્લાના જનસેવા કેન્દ્રોમાં ઉમટતી ભીડથી કોરોના વકરવાની સંભાવના

### મોટાભાગની મામલતદાર કચેરીઓમાં સોશ્યલ ડિસ્ટન્સનો ભંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગ પછી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, પાલિકાના પદાધિકારીઓની પસંદગી કરવામાં આવી છે અને હવે અટકેલાં કામો દરેક વિસ્તારોમાં આગળ ધપી રહ્યાં છે ત્યારે અનેક અરજદારો ચૂંટણી આચારસંહિતાના કારણે પોતાનાં અધૂરાં કામ પૂરાં કરવા જનસેવા કેન્દ્રોમાં ઉમટી રહ્યા છે. પરંતુ જનસેવા કેન્દ્રોમાં ઉમટતી ભીડથી કોરોના વકરવાની સંભાવના છે. મોટાભાગની મામલતદાર કચેરીમાં સોશ્યલ ડિસ્ટન્સનો ભંગ થઈ રહ્યો છે પણ યોગ્ય પગલાં ભરવામાં તંત્ર ઉદાસીન સાબિત થઈ રહ્યું છે.

પાછલા દોઢ મહિના દરમ્યાન સરકારી બાબુઓ સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગની કામગીરીમાં સામેલ થયા. આચારસંહિતા હોવાથી રેશનીંગ કાર્ડ, આધારકાર્ડ સહિતની અનેક કામગીરીઓ ખોરંભે પડી હતી અને કમુહર્ત હોવાથી લોકો દ્વારા મિલકત ખરીદ-વેચાણ પર બ્રેક વાગી હતી. બજારોમાં ખેડૂતોની ખેતપેદાશ ઠલવાયા પછી આવક આવતાં દરેક બજારોમાં ઘરાકી જોવા મળી છે. બજારોની સાથે હવે જિલ્લાના જનસેવા કેન્દ્રમાં પોતાના કોઈને કોઈ કામ લઈને આવતા અરજદારોના કારણે બાયડ, ધનસુરા, તલોદ, પ્રાંતિજ, મોડાસા, માલપુર, મેઘરજ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, ભિલોડાના જનસેવા કેન્દ્રો તેમજ બહુમાળી ભવનોમાં ભીડ જોવા મળી રહી છે. ક્યારેક કચેરીનું સરકારી સર્વર ખોટકાઈ જતું હોવાથી પણ અરજદારોમાં સમયસર કામ ન થતું હોવાના આરોપ લાગેલા છે. લાગે છે કે કોરોના માટે સાનુકુળ વાતાવરણ સરકારી બાબુઓ અને પ્રજાએ ઉભું કર્યું છે. આ માટે જિલ્લા વહીવટી તંત્રએ અન્ય આયોજનો વિચારીને જનસેવા કેન્દ્રમાં ઉમટતી ભીડ ઉપર કાબુ મેળવવો પડશે અન્યથા કોરોના વધુ બેકાબુ બનવાની દહેશત સેવાય છે.

### પાલિકા યોગ્ય પગલાં ભરશે..??

# બાયડમાં મોટર મૂકી પાણી ખેંચવાની ગેરકાયદે પ્રવૃત્તિ પર રોક લગાવો

### રહીશોનો આરોપ : અમને પ્રેશરથી પાણી મળતું જ નથી, અનેક લોકોને માત્ર આચમન જેટલું પાણી મળે

બાયડ પાલિકાના ચોક્કસ વિસ્તારોમાં મોટર મૂકી પાણી ખેંચવાની ગેરકાયદે પ્રવૃત્તિ ધમધમી રહી છે જેના ઉપર રોક લગાવવામાં નહીં આવે તો પાણી માટે પાણીપતની સ્થિતિ પેદા થઈ શકે છે કારણ કે ઠેકઠેકાણે પાણી આવે એટલે મોટર મૂકાતાં છેવાડાના રહીશોને માત્ર આચમન જેટલું પાણી મળે છે. બાયડ પાલિકા દ્વારા પૂરતા પ્રેશરથી પાણી આપવાની સીસ્ટમ ઉભી કરી મોટર મૂકનારાઓ સામે યોગ્ય પગલાં ભરવાં જોઈએ. હજુ તો કાળઝાળ ઉનાળો હમણાં શરૂ થયો છે અને આજ રીતે મોટરો મૂકી પાણી ખેંચાશે તો અન્ય



વિસ્તારોના રહીશોમાં પણ કચવાટ સામે આવી શકે છે.

પાણીનું મૂલ્ય દરેકને સમજવું પડશે જળ એ જ જીવન સૂત્રને સાર્થક કરવા માટે પ્રજાએ પણ હવે તંત્રને સહયોગ આપવો પડશે. બાયડ પાલિકા વિસ્તારમાં દાયકાઓથી પ્રજાને પીવા માટેનું પાણી મળે છે પરંતુ તેમ છતાં પાછલા ૫-૭ વર્ષથી કેટલાક વિસ્તારોમાં પીવાનું પાણી આપવામાં આવે ત્યારે સીધી જ મોટર મૂકી પાણી ખેંચી લેવામાં આવે છે. જેના કારણે મોટર મૂકી ન હોય તેવા પરિવારોને માત્ર આચમન જેટલું પાણી મળે છે અને તેનાથી આખો દિવસ પસાર કરવાનો હોય છે. ઘણા લાંબા સમયથી મોટરો મૂકી પાણી ખેંચવાની ગેરકાયદે પ્રવૃત્તિ ધમધમી રહી છે ત્યારે બાયડ પાલિકા દ્વારા તમામ વિસ્તારોને યોગ્ય પ્રેશરથી પાણી મળે તો પ્રજા માટે મોટર મૂકવી ભૂતકાળ બની જાય. આ માટે જે તે વિસ્તારોમાં પાણી છોડવામાં આવે ત્યારે ઓચિંતિ તપાસ કરવી જોઈએ અને આ સમયે પાલિકાના સદસ્યો પણ જે તે વિસ્તારની મુલાકાત લઈ મોટર મૂકી ગેરકાયદે પાણી ખેંચવાની પ્રવૃત્તિ કેમ ધમધમી રહી છે..?? તેનો ઉકેલ કેવી રીતે લાવવો તેનો અભ્યાસ કરવાની તાતી જરૂરીયાત છે.



### ઇડર -હિંમતનગર રોડ પર તરબુચ ભરેલી ટ્રક નું ટાયર ફાટતા પલટી

ઈડર હિંમતનગર હાઈવે રોડ પરના સદાતપુરા પાટિયા પાસે આજે બપોરે ના સમયે હિંમતનગર તરફથી તરબૂચ ભરેલી આઈશર ગાડી પુરપાટ ઝડપે આવી રહી હતી તે સમયે એકાએક પાછળ નું ટાયર ફાટતા રોડ પર પલટી મારતા હાઈવે રોડ પર તરબુચ વેરાયા હતા. જેને લઈને હાઈવે પર તરબુચના ઢગલા થઈ જતા રોડ પર ટ્રાફિકના દ્રશ્યો સર્જાયા હતા. ડ્રાઈવરની સમય સુચકતાને લઈને મોટી જાન હાની ટાળી હતી. ઉનાળાની શરૂઆતમાં ગરમીનો પાળો ઊંચકતા લોકો તરબુચ, ટેટી જેવા ફળોના સહારે ઠંડક મેરવતા હોય છે.જેને લઈને ઈડર બજાર અને આજુબાજુ હાઈવે પર તરબુચ ના સ્ટોલો ઉભા કરી મોટો વેપાર કરવામાં આવી રહ્યો છે.બહારથી તરબુચની ખરીદી કરી ઉનારાની ગરમીમાં વેચાણ થતું હોય છે ,ત્યારે ઈડર માં રોજની એકાદ બે ગાડી તરબુચના વેચાણ અર્થે બહાર થી આવતી હોય છે ,જે આજે હિંમતનગર તરફથી આવતી આઈશર ગાડી માં પાકા તરબુચ ભરીને ઈડર તરફ આવી રહી હતી તે સમયે એકાએક આઈશર ટ્રક નું ટાયર ફાટતા રોડ પર પલટી ગઈ હતી.